
# S. U. G college of Education

PAPER: અભ્યાસક્રમ વિકાસના સિદ્ધાંતો





## અભ્યાસક્રમ વિકાસના પાયા

અભ્યાસક્રમ વિકાસના
સમાજશાસ્ત્રીય
પાયા

Dr. Kiranben. J. Patel

# અભ્યાસક્રમ વિકાસના પાયા

- Sub Unit : અભ્યાસક્રમ વિકાસ ના સમાજશાસ્ત્રીય પાયા
  (Sociological Foundation Of Curriculum Development)




Dr. Kiranben. J. Patel

# અભ્યાસક્રમના સમાજશાસ્ત્રીય પાયા

- **સમાજશાસ્ત્રનો અર્થ(Meaning of Sociology ):** Sociology શબ્દ બે શબ્દોનો બનેલો છે. Socio નો અર્થ society –સમાજ, logus નો અર્થ to study –અભ્યાસ કરવો
- **આમ સમાજ શાસ્ત્રનો અર્થ :** to study of Society, Human Behaviour, social Being, Social Structure and Social Phenomenon, Different form of Human Relationship

# અભ્યાસક્રમના સમાજશાસ્ત્રીય પાયા

- કોઈપણ અભ્યાસક્રમનું નિર્માણ વિદ્યાર્થી, સમુદાય, સમાજ અને રાષ્ટ્ર પર આધાર રાખે છે
- અભ્યાસક્રમનું સમાજશાસ્ત્ર એટલે સમાજની એવી કઈ વસ્તુઓ છે જે અભ્યાસક્રમ માં મૂકવી જોઈએ જેથી બાળક નું સામાજિક વિકાસ થઈ શકે

*** અભ્યાસક્રમ પર સમાજશાસ્ત્ર નો પ્રભાવ ત્રણ રીતે જોવા મળે છે**

1. ટેકનોલોજીનો વિકાસ- Growth of Technology

# અભ્યાસક્રમના સમાજશાસ્ત્રીય પાયા

- સમાજશાસ્ત્ર નો અભ્યાસક્રમ ઉપર પ્રભાવ: મનુષ્ય સામાજિક પ્રાણી છે આથી અભ્યાસક્રમ નિર્ધારણનો મુખ્ય આધાર સમાજ છે સમાજમાં બાળક પોતાનું અનુકૂલન સાધી શકે છે એટલે સમાજ અભ્યાસક્રમનું મહત્વ નો આધાર માની શકાય સમાજની જરૂરિયાતો પ્રમાણે અભ્યાસક્રમ ઘડાવો જોઇએ
- નીચેની બાબતો દ્વારા સમાજશાસ્ત્ર નો પ્રભાવ અભ્યાસક્રમ પર પડે છે

1.સંસ્કૃતિ

2 સામાજિક અપેક્ષાઓ

3 મૂલ્યો

4 નોર્મ્સ એટલે કે નીતિ –નિયમો

5 ટ્રેડિશન-પરંપરા

# અભ્યાસક્રમના સમાજશાસ્ત્રીય પાયા

- અભ્યાસક્રમ પર સમાજશાસ્ત્ર કેવી રીતે અસર કરે છે તે નીચેની બાબતો પરથી સ્પષ્ટ થાય છે

1. સમાજ ની આવશ્યકતાઓ કરવી
2. ઉદ્દેશો
3. નિયોજિત પ્રક્રિયાઓ
4. વિષય સામગ્રીની પસંદગી
5. સંસાધનોનું નિર્માણ
6. સામાજિક ગુણો નો વિકાસ
7. સભ્યતા અને સંસ્કૃતિનું રક્ષણ
8. સામાજિક સમસ્યાઓ જાણી દૂર
9. પરંપરાગત રીતિરિવાજો
10. નાગરિકતાના ગુણોનો વિકાસ

# અભ્યાસક્રમના સમાજશાસ્ત્રીય પાયા

- આમ અભ્યાસક્રમના સમાજશાસ્ત્રીય પાયામાં સમાજ અને સંસ્કૃતિની ભૂમિકા મુખ્ય છે
- સમાજ એટલે માણસોનો સમૂહ, જ્યારે સંસ્કૃતિ એટલે સમાજમાં સ્વીકાર્ય નીતિ નિયમો

આમ સામાજિક સ્થિતિ ઘર, પરિવાર, જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંસ્કૃતિ, શિક્ષક વિદ્યાર્થી, સમાજની પ્રકૃતિ તેમજ સમાજની બદલાતી જરૂરિયાતો ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમ ઘડાવો જોઇએ

# અભ્યાસક્રમના સમાજશાસ્ત્રીય પાયા

- **શાળાની ભૂમિકા :**
- શિક્ષણ અને સમાજ એકબીજાના પૂરક છે શાળાએ સમાજનું લઘુ સ્વરૂપ છે

શાળા ની દેખરેખ સમાજ કરે છે શાળા એવું સાધન છે જે બાળકોને સમાજમાં અનુકૂલન સ્થાપિત કરવા અને સામાજિક જીવન જીવવા તૈયાર કરે છે

શાળા બાળકોમાં સામાન્ય મૂલ્યોનો વિકાસ કરે છે જે સમાજના દરેક સમૂહમાં  વિકસિત કરવાના હોય છે આ સામાન્ય મૂલ્યો એટલે કે સ્વતંત્રતા,  સમાન અધિકાર વગેરે

શાળામાં વિષય શિક્ષણ નું જ્ઞાન આપવા ઉપરાંત નૈતિકતા,  મૂલ્યોનો વિકાસ થાય એવી બાબતો પણ ધ્યાન રાખી શિક્ષણ આપવાનું હોય છે.

# અભ્યાસક્રમના સમાજશાસ્ત્રીય પાયા

- સમાજ વ્યક્તિની કર્મભૂમિ છે શિક્ષણ વ્યક્તિને સમાજ ભિમુખ બનાવીને સમાજ સાથે વધારે મજબૂત રીતે જોડી આપે છે. શિક્ષણ દરમિયાન મેળવેલ જ્ઞાન ને સમાજ માં જઈને કાર્યરત કરવાનું રહે છે. વ્યક્તિ પોતાની જાતને સમાજથી ભિન્ન રાખીને વિકાસ કરે તો છેવટે તેનું વ્યક્તિગત કે સામાજિક મૂલ્ય રહેતું નથી. શિક્ષણ બાળકને સમાજના સંદર્ભમાં ઘડે છે શિક્ષણ નો અભ્યાસક્રમ બાળકને સમાજ અનુસાર તૈયાર કરતો હોવો જોઈએ આ સંદર્ભમાં અભ્યાસક્રમના સામાજિક આધાર નીચે મુજબ ટૂંકમાં સ્પષ્ટ કરી શકાય.

# અભ્યાસક્રમના  સમાજ શાસ્ત્રીય પાયા

- અભ્યાસક્રમ એ વારસાનું વહન કરતો હોવો જોઈએ.  વ્યક્તિએ સાંસ્કૃતિક વારસાનું મૂર્તિમંત સ્વરૂપ છે આ વારસામાં  તેના કુટુંબ, ગામ,  સમાજ,  દેશ અને વિશ્વનું પ્રદાન આવી જાય છે રીતરિવાજો, મૂલ્યો,  ધર્મ,  સંસ્કારો વિજ્ઞાન,  સાહિત્ય વગેરેનો સમુચ્ચય અભ્યાસક્રમમાં પ્રતિબંધિત થવો જોઈએ
- સમાજના ભૂતકાળની સાથે બાળકના વર્તમાનને  ભુલવો ન જોઈએ વર્તમાન સામાજિક પ્રવાહો,  તેની સમસ્યાઓ, ધ્યેયો,  મૂલ્યો, વિકાસ, આર્થિક સ્થિતિ, રાજકીય સ્થિતિ વગેરે થી વિમુખ અભ્યાસક્રમ તેની સંદર્ભતા  ગુમાવી દે છે અભ્યાસક્રમ સમાજના વર્તમાન સંદર્ભમાં સુસંગત હોવો જોઈએ

# અભ્યાસક્રમના સમાજશાસ્ત્રીય પાયા

- ભૂતકાળનો આધાર અને વર્તમાન કર્મ છેવટે તો ભવિષ્ય લક્ષી હોય છે ભવિષ્યનો વિચાર વ્યક્તિ, કુટુંબ, સમાજ, દેશ અને વિશ્વના સંદર્ભમાં થઈ શકે છે ભૂતકાળમાં ક્યાં હતા, વર્તમાનમાં ક્યાં છીએ અને ભવિષ્યમાં ક્યાં પહોંચવું છે? તેનું ચિંતન કરી અભ્યાસક્રમને એક સાધન તરીકે ઉપયોગમાં લેવો જોઈએ

# અભ્યાસક્રમના સમાજશાસ્ત્રીય પાયા

- સમાજનું અસ્તિત્વ પરસ્પરના સહકાર અને જોડાણથી ટકી રહે છે વ્યક્તિ સામાજિક આંતરક્રિયા ઓ દરમિયાન અનેક બાબતોની આપ-લે કરે છે ક્યારેક તે સમાજ પાસેથી સહકાર મેળવે છે તો ક્યારેક સમાજને સહકાર આપી પોતાની ભૂમિકા અદા કરે છે પરસ્પરનો સહકાર સમાજના માળખાને મજબૂત બનાવે છે આ માટે સમાજ સાથેનું ભાવાત્મક એક્ય સ્થાપવું  જરૂરી છે.  અભ્યાસક્રમ વિદ્યાર્થી ને સમાજ સાથેની આંતરક્રિયા કરવા તેમજ સહકારના વલણ થકી અંગભૂત કરવા માટે સક્ષમ હોવો જોઈએ. વિશ્વમાં માનવ બંધુત્વની ભાવના નો વિકાસ કરવા માટે અભ્યાસક્રમ વિકાસ કરવો જોઈએ

# અભ્યાસક્રમના સમાજશાસ્ત્રીય પાયા

- આમ સમાજશાસ્ત્ર ની દ્રષ્ટીએ અભ્યાસક્રમનો વિચાર બે દ્રષ્ટિએ કરવાનો હોય છે
- 1. અભ્યાસક્રમ ની રચના કરવા માં વિષયો અને પ્રવૃત્તિઓ સામાજિક દયેય ને ધ્યાનમાં રાખીને નક્કી કરવાના હોય છે

2. અભ્યાસક્રમનું આયોજન સામાજિક નિયમનને ધ્યાનમાં રાખીને થવું જોઈએ

# અભ્યાસક્રમના સમાજશાસ્ત્રીય પાયા

- સમાજની જરૂરિયાતો બદલાતી રહે છે અને તેથી અભ્યાસક્રમ પણ જીવંત અને પ્રગતિક  હોવો જોઈએ, એમાં પુનગઠન કે ફેરફારને અવકાશ હોવો જોઈએ એમાં સમાજના વાતાવરણ રીત-રીવાજો અને સંસ્કારોનુનો પડઘો પડવો. ઘણા સમાજશાસ્ત્રીઓ એમ માને છે કે અભ્યાસક્રમ ની રચના બાળકની વર્તમાન જરૂરિયાતોની નહીં પણ એની ભવિષ્યની સામાજિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને થવી જોઈએ